# ગુજરાતમાં એક જ સપ્તાહમાં ખાનગી ક્ષેત્રે
# ૬૫૦૦૦ યુવાનોને રોજગારીના નિમણૂંકપત્રો

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્ર-કચ્છના ૧૩૦૦૦થી વધારે યુવાનોને ખાનગીક્ષેત્રોમાં રોજગારીના નિયુકિતના પત્રો એનાયત કરતાં અને યુવાશકિતને નવો આત્મવિશ્વાસ આપતા જણાવ્યુ હતુ કે ગુજરાતમાં હુન્નર-કૌશલ્યની ક્ષમતા ધરાવતો કોઈ યુવાન બેકાર રહેવાનો નથી.

ગુજરાતે સ્કીલ ડેવલપમેન્ટનું વિશાળ ફલક ઉભુ કરવાની સ્પર્ધામાં ચીનની બરોબરી કરવાનું બીડું ઝડપ્યું છે.તેમ તેમણ જણાવ્યુ હતું.

ગુજરાતની યુવાશકિતને હુન્નરો અને કૌશલ્યની શકિત પુરવાર કરવાના અવસરો





આપવાનું રાજય સરકારનું આ અભિયાન ઉદ્દીપક બની રહેવાનું છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. ઉદ્યોગોને તેની જરૂર -માણે કુશળ યુવાશકિત મળી રહે અને કુશળ યુવાનોને રોજગાર-કારકિર્દીનું સપનું સાર્થક કરવાનું આ અભિયાન છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં રોજગારીના ક્ષેત્રની અભૂતપૂર્વ ઘટનારૂપે સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર સપ્તાહની વિશિષ્ઠ ઉજવણી સાથે ૬૫૦૦૦થી વધુ યુવાનોને ખાનગી ક્ષેત્રો દ્વારા ૪૮૯ જેટલા ભરતીમેળા યોજીને આજે -થમ ચરણમાં સૌરાષ્ટ્ર-કચ્છના આઠ જિલ્લાઓના મળીને ૧૩૦૭૯ જેટલા યુવાનોને નોકરીદાતાઓના નિયુકિતપત્રો એનાયત કર્યા હતા. આ જ -કારના કાર્યક્રમો વડોદરામાં (૧૦મી એ-િલ), અમદાવાદમાં (૧૨મી એ-િલ) અને સુરતમાં (૧૩મી એ-િલે) મુખ્યમંત્રીશ્રીના હસ્તે યોજાશે.

સ્વામી વિવેકાનંદની દોઢસોમી જન્મજયંતિના આ વર્ષને, ગુજરાત "યુવાશકિત" વર્ષ તરીકે વિશિષ્ઠ ઉદેશો સાથે ઉજવી રહ્યું છે તેની ભૂમિકા આપતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ કે આ નવતર અભિગમમાં રાજયની યુવાશકિત દ્વારા ભારતમાતાને મહાન બનાવવાનો વિવેકાનંદજીનો સંદેશ આત્મસાત કરાવવો છે. સ્વામી વિવેકાનંદે તો ત્યાં સુધી પડકાર કરેલો કે માળા-જાપ છોડીને ફૂટબોલ રમીએ. આ યુવા -રણામૂર્તિના સપનાં પૂરાં કરવા માટે આ દેશની યુવાશકિતમાં સામર્થ્ય છે તેની ડંકાની ચોટ ઉપર અનુભૂતિ કરાવવાનું આહવાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સમગ્ર વિશ્વમાં ૨૧મી સદીમાં ભારત જેવો વિરાટ દેશ, ૩૫ વર્ષની વય સુધીના ૬૫ ટકા યુવા શકિત સાથે દુનિયાનો સૌથી યુવા દેશ છે. યુરોપ વૃધ્ધાવસ્થા તરફ છે, ચીન પણ આ જ દિશામાં છે ત્યારે એકમાત્ર હિન્દુસ્તાનની યુવાશકિત વિશ્વ સર કરી શકે એમ છે.

ભારત કોઈ મદારી-સાપસીડીઓ દેશ નથી પરંતુ આપણી યુવા શકિતએ આઈટીના ક્ષેત્રે દુનિયામાં પોતાનો -ભાવ પાથરી દીધેલો છે. આ યુવા સામર્થ્યને ભારતના શકિતશાળી નિર્માણમાં જોડવાની -ેરક હિમાયત તેમણે કરી હતી. યુવાનોને રાષ્ટ્રનિર્માણના ભવ્ય સપના આંજીને પોતાના હુન્નર અને કૌશલ્યની શકિત પૂરવાર કરવાના અવસર આપવાની જરૂર ઉપર તેમણે ભાર મૂકયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં યુવાનોને હુન્નર કૌશલ્યની આધુનિક તાલીમ અને ટેકનિકલ કોર્સ માટે આઈટીઆઈને વ્યવસાયીક કારકીર્દીમાં -વીણતા -ાપ્ત કરવવાનું પાયાનું માધ્યમ ગણીને આઈટીઆઈના -શિક્ષણને નવી (ઝૅૅદક્ક) ગરિમા આપવાને -ાથમિકતા આપી છે તેની રૂપરેખા આપી હતી.

આઈટીઆઈનો મહિમા અને મહત્વને નવી શકિત આપવાના રાજય સરકારના નિર્ણયની સમજ આપતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ કે આઈટીઆઈના તાલીમાર્થીઓ માટે ડીગ્રી-ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસના દરવાજા ખોલી નાંખ્યા છે. આઈટીઆઈનો કોર્સ સફળતાપુર્વક પુરો કરનારા તાલિમાર્થીઓ પણ ઉત્તમ ઈજનેર બની શકે તેવૂં વાતાવરણ સર્જયું છે.

ઔદ્યોગિક તાલીમ અને તેની ઉપેક્ષિત સથિતિનો અંત આ સરકારે દશ વર્ષના અથાક પરિપાક પછી લાવી દીધો છે અને આઈટીઆઈની તાલીમના બધા અભ્યાસક્રમો જે તે ક્ષેત્રની કુશળ ટેકનિકલ માવશકિતની જરૂરીયાત અનુસારના આધુનિક તાલીમ અને માળખાકીય ટેકનિકલ સુવિધાઓનું આખુ નેટવર્ક ઉભુ કર્યુ છે. તેની માહિતી મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. ભુતકાળમાં ૪૦ વર્ષમાં ૨૭૫ આઈટીઆઈ હતી તે દશ વર્ષમાં ૧૦૫૪ થઈ ગઈ છે. પહેલાં માત્ર ૩૦૦૦ ટ્રેઈનર્સ હતા તે એક જ દશકામાં બમણા એટલે કે ૬૦૦૦ આઈટીઆઈ ટ્રેઈનર્સ કાર્યરત છે. સ્કીલ ડેવલપમેન્ટ માટેનું બજેટ રૂ. ૧૦૭ કરોડ હતું તે આજે રૂ. પ૨૫ કરોડ થઈ ગયું છે.



## સમાચાર ઝલક

- અંકલેશ્વરના સંજાલી ગામે કેનાલમાં ડુબી જતા બે બહેનોના મોત.
- માંડવાની સહકારી મંડળીમાંથી ૨.૬૮ લાખના કાજુની ચોરી.
- ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં ૯૫૦૦ આયંબિલ તપ.
- મહુવા તાલુકાના નિહાલી ગામે દીપડાના બે બચ્ચાં મળ્યા.
- જાંબુઘોડાના જંગલમાં રાત્રે પ્રવેશ કરતાં ૨૭ પ્રવાસીઓ ઝડપાયા.
- જૂનાગઢમાં બે શખ્સોએ ધમકી આપતા મહિલાએ ઘેનની ટીકડીઓ ખાધી.
- વિસનગરમાં ક્રિકેટ સટ્ટો રમતાં છ ઝડપાયા.
- ભચડિયા ગામે ભેદી રીતે જમીન ફાટતા ૨૦ ફૂટ લાંબી તિરાડ પડી, દહેશતથી ફફડાટ.
- સમીના ત્રણ ગામોમાં રોગચાળાનો ભરડો.
- મુડેટી અને મટોડા પાસે અકસ્માત : પાંચને ઈજા
- રાજકોટ-દિવ રૂટની બસમાં ડ્રાઈવર-કંડકટર દારૂ બીયર સાથે પકડાયા.
- ખેડા જિલ્લામાં આશીપુરા પાટિયા પાસે મોટી નહેરની સુરક્ષા દિવાલ તુટી પડી.
- ગીર વિસ્તારમાં જંગલમાં લાગેલી આગ બુઝાઈ : તમામ સિંહો સલામત.
- ભાણવડના મોરઝર ગામે ધીંગાણામાં બે લુંટારૂઓના મોત : પાંચ ઘવાયા.
- હિંમતનગરમાં કપાસ લેવાનું બંધ કરાતા ખેડૂતો વિફર્યા.
- મુનપુરમાંથી સ્ફોટક પદાર્થનો જથ્થો જપ્ત કરાયો.

## શબ્દાવલી - ૪૬૯૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | ૭ | | ૮ | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | | ■ |
| ■ | | ■ | ૧૩ | | ■ | | ■ |
| ૧૪ | | ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ |
| ૧૭ | | ૧૮ | ■ | ■ | ૧૯ | ૨૦ | |
| | ■ | ૨૧ | | ૨૨ | | | |
| ૨૩ | | | ■ | ૨૪ | | | ■ |

**આડી ચાવી**

૧. એક મો...ટુ ફળ (૪)
૪. કુકુમ્બર, ચીભડુ (૩)
૭. ખલાસ, ખતમ (૩)
૯. દારૂની એક જાત (૨)
૧૦. લઈ લેવુ, લેવું (૩)
૧૨. એક કાપડની જાત (૩)
૧૩. પગથિયાવાળો કૂવો (૨)
૧૪. રોડ, સડક (૨)
૧૫. મકાઈ.... (૨)
૧૭. .... વાચા-કર્મણા (મનને જોડેલ) (૩)
૧૯. આંબલીના ફળ (૩)
૨૧. સમયાંતરે, વારે વારે (૬)
૨૩. એક કાળો પદાર્થ રોડ બને તે (૩)
૨૪. લડાઈ, યુધ્ધ (૩)

**ઊભી ચાવી**

૧. સાધુ, તાપસ (૩)
૨. તાવ (૩)
૩. ચલાયમાન થાય તેવું (૨)
૫. કરમદીનું ફળ (૪)
૬. ઓછું પ્રકાશિત (૨)
૮. ચોખાના પાપડ (૪)
૧૧. (તિરસ્કારમાં) કાર્યો (૪)
૧૩. વંડો, બરામદો (૨)
૧૪. નાના છોકરાને રમવાની વસ્તુ (૪)
૧૬. દાન (૩)
૧૮. ફુવારો (૩)
૧૯. વ્યક્તિને બેસાડી શકાય અને ખાંધે ઊંચકી શકાય તેવી તુલા (૩)
૨૦. સિંહાસન (૩)
૨૨. વજન, ભાર (૨)

**શબ્દાવલી ૪૬૯૪ના જવાબ**

**આડી ચાવી :-** (૧) અથડામણ (૩) કાકા (૫) ભારત (૬) પલ (૮) કમાવતર (૧૦) લાપરવાહ (૧૩) નાક (૧૫) સાતવચે (૧૭) શીરપાવ (૧૮) લાનત

**ઊભી ચાવી :-** (૧) અડપલા (૨) ડાકુ (૩) કારતક (૪) કાતર (૫) ભાવ (૭) લપડાક (૮) કવાયક (૯) માહ (૧૧) શંકુતલા (૧૨) સાવચેત (૧૩) નામોશી (૧૪) છીપા (૧૬) વન

## ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર ઍજ્યુકેશન દ્વારા ટૂંકાગાળાના અભ્યાસક્રમો શરૂ કરાયા

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકાર દ્વારા ઉત્તમ શિક્ષકો તૈયાર કરવાના ઉદ્દેશ સાથે રાજ્યમાં ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન સ્થાપવામાં આવી છે. આ ઈન્સ્ટીટયુટ દ્વારા ધોરણ ૧૨ પાસ તથા સ્નાતક પછીના ટૂંકાગાળાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

આ સંસ્થા દ્વારા તા. ૧૫ એપ્રિલથી ટૂંકી મુદતના જે પ્રમાણપત્ર અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે તેમાં કોમ્યુનિકેશન સ્કીલ ઈન ઈંગ્લીશ અને ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીસ સ્કીલ-આઈસીટી સ્કીલ્સના અભ્યાસક્રમ માટે ધોરણ ૧૨ પાસ ઉપરાંત લીડરશીપ સ્કીલ્સ માટેનો અભ્યાસક્રમ સ્નાતક થયેલાં ઉમેદવારો માટે શરૂ કરાયો છે.

આ અભ્યાસક્રમોમાં વયમર્યાદાનો કોઈ બાધ નથી. વધુ વિગતો માટે કચેરી સમય દરમિયાન બપોરે બે વાગ્યાથી પાંચ વાગ્યા દરમિયાન સુશ્રી અનેરી નિહલાણી, મોબાઈલ નં. ૯૯૭૮૪૦૭૭૫૯નો સંપર્ક સાધવા અથવા વેબસાઈટ રૂરૂરૂ.ક્ષ્દ્દફૂ.ણૂ.ૐ ઉપરથી માહિતી મળી શકશે તેમ યુનિવર્સિટીના કુલસચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.

## એસ્સાર સ્ટીલ દ્વારા દેશના સૌથી મોટા પૅલેટ પ્લાન્ટનો પ્રથમ તબક્કો કાર્યરત કરાયો

અમદાવાદ, તા. ૯

એસ્સાર સ્ટીલે ઓરિસ્સામાં વાર્ષિક ૬૦ લાખ ટન ક્ષમતાના પેલેટ મેકીંગ એકમને કાર્યરત કરી દીધું છે, જે વર્ષ ૨૦૧૩ સુધીમાં કાર્યરત થનારા વાર્ષિક ૧૨૦ લાખ ટન ક્ષમતાના પેલેટ પ્લાન્ટનો પ્રથમ તબક્કો છે. એસ્સાર સ્ટીલ ઓરિસ્સામાં થઈ રહેલા તેના રોકાણોના ભાગરૂપે સુસંકલિત એકમ સ્થાપવામાં રૂા.૪૨૦૦ કરોડનું મૂડી રોકાણ કરી રહી છે. આ સુસંકલિત એકમમાં દાબુના ખાતે વાર્ષિક ૧૨૦ લાખ ટન ક્ષમતાના આયર્ન ઑર બેનિફિકેશન પ્લાન્ટ અને દાબુના તથા પારાદીપને જોડતી ૨૫૩ કી.મી.ની સ્લરી પાઈપલાઈનનો સમાવેશ થાય છે. તેનાથી ટન દીઠ ઓપરેટીંગ ખર્ચમાં ઘટાડો થશે અને ખર્ચની સ્પર્ધાત્મકતામાં સુધારો થશે. ખર્ચ ઘટાડવાના પ્રયાસ તરીકે સ્લરી પાઈપલાઈન નાખવા ઉપરાંત આ પાઈપલાઈન પેલેટ પ્લાન્ટ માટે કાચામાલના પરિવહન માટેનો અત્યંત પર્યાવરણલક્ષી પ્રયાસ બની રહ્યો છે.

વિઝાગમાં વાર્ષિક ૮૦ લાખ ટનની ક્ષમતાની સાથે સાથે પારાદીપમાં પેલેટ પ્લાન્ટ એસ્સાર સ્ટીલની ભારતમાં આયર્ન ઑરના પૂરવઠાની જરૂરિયાતને પહોંચી વળશે.

એસ્સાર ગ્રુપના અધ્યક્ષ શ્રી શશી રૂઈયા જણાવે છે કે "ઓરિસ્સા દેશમાં મૂડીરોકાણો માટેના મોટા મથક તરીકે ઉભરી રહ્યું છે અને એસ્સાર તેની વિકાસગાથાનો હિસ્સો બનવા કટિબધ્ધ છે. એસ્સાર માટે આ પેલેટ પ્લાન્ટ સંપૂર્ણ વર્ટિકલ ઈન્ટીગ્રેશન હાંસલ કરવા માટેનો મહત્વનો હિસ્સો બની રહેશે."



Mr Dilip Oommen
CEO & MD - Essar Steel India

તેમણે મુખ્ય પ્રધાન શ્રી નવિન પટનાયકના ગતિશીલ અને દીર્ઘ દૃષ્ટિ ધરાવતા નેતૃત્વ દ્વારા પ્રાપ્ત થયેલા સહયોગનો કૃતજ્ઞતા સાથે સ્વિકાર કર્યો હતો. એસ્સાર સ્ટીલના એમડી અને સીઈઓ શ્રી દિલીપ ઓમ્મેન જણાવે છે કે "આ સુવિધા સ્થપાવાને કારણે અમારા પ્લાન્ટની ડીઝાઈન, બાંધકામ અને કામગીરીમાં યોગ્ય મહત્વ આપવામાં આવે એની અમે ખાત્રી રાખી છે."

વિઝાગમાં વાર્ષિક ૮૦ લાખ ટનની ક્ષમતા સહીત પારાદીપ એકમમાં વાર્ષિક ૧૨૦ લાખ ટનની ક્ષમતા પૂર્ણ થવાની સાથે એસ્સાર સ્ટીલની પેલેટ બનાવવાની કુલ ક્ષમતા વાર્ષિક ૨૦૦ લાખ ટન થશે અને તે દેશના સૌથી મોટા પેલેટ ઉત્પાદક તરીકેનું સ્થાન હાંસલ કરશે. પ્લાન્ટની સમગ્ર ડીઝાઈન પર્યાવરણલક્ષી છે. ૫૪ એફઈ ધરાવતા લો ગ્રેડ આયર્ન ઑર ફાઈન્સને ૬૩ ટકા એફઈ સુધી અપગ્રેડ થઈ શકે તે માટે એસ્સાર સ્ટીલ દાબુના ખાતે આયર્ન ઑર બેનિફિકેશન પ્લાન્ટ સ્થાપી રહેલ છે. એ પછી આયર્ન ઑર ફાઈન્સને ૨૫૩ કી.મી.ની સ્લરી પાઈપલાઈન મારફતે દાબુનાથી પારાદીપ પહોંચાડાશે.

કાચામાલની સુરક્ષા અને સુગમતા એસ્સાર સ્ટીલે સંકલન અને પૂરવઠાની સલામતિ માટેની વ્યૂહરચના અપનાવી છે તેને કારણે તેનો ખર્ચ નીચો લાવી શકાયો છે. તેની મોટાભાગની આયર્ન ઑરની જરૂરિયાતો ઓરિસ્સાના ખાનગી માઈનર એનએમડીસી જેવી કંપની અને ઝારખંડ તથા છત્તીસગઢની કેપ્ટીવ ખાણો દ્વારા માલ ઉપાડવાના કરાર મારફતે સુરક્ષિત કરાઈ છે. વધુમાં દેશમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ લો ગ્રેડના આયર્ન ઑર ફાઈન્સના ઉપયોગની સુગમતા માટે કંપની આયર્ન ઑર બેનિફિકેશન પ્લાન્ટ સ્થાપી રહી છે. કેપ્ટીવ ખાણો ઉપરાંત માલ ઉપાડવાના કરારોને કારણે તથા લો ગ્રેડ આયર્ન ઑર ડમ્પસની સરળ ઉપલબ્ધિને કારણે એસ્સારને પેલેટ પ્લાન્ટ અત્યંત કરકસરયુક્ત રીતે ચલાવવા માટે કાચામાલના પૂરવઠાની જરૂરી સુરક્ષા પ્રાપ્ત થશે.

## ખડાયતા સમાજની ડીરેક્ટરી માટે સભ્યો પાસેથી માહિતી મંગાવાઈ

ગાંધીનગર, તા. ૯

સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત, ગાંધીનગરની ડીરેક્ટરી છેલ્લે ૨૦૦૩માં છપાઈ હતી જેને ઘણો લાંબો સમય વ્યતીત થતાં સરનામામાં અનેક સુધારા-વધારા થયા છે. જેથી સમાજ દ્વારા નવી 'કૌટુંબિક ડીરેક્ટરી' અને 'પોકેટ ડીરેક્ટરી'ની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ખડાયતા સમાજની નવી 'કૌટુંબિક ડીરેક્ટરી' અને 'પોકેટ ડીરેક્ટરી' બંનેની કામગીરી સત્વરે પૂર્ણ કરવાના આરે હોવાથી સમાજના જે કોઈ જ્ઞાતિજનોએ તેમની વિગતો મંડળને આપવાની બાકી રહી ગઈ હોય તેઓએ તેમની સંપૂર્ણ વિગતો જરરી ફોર્મમાં ભરીને મોડામાં મોડી તા. ૩૧મી એપ્રિલ-૨૦૧૨ સુધીમાં ડીરેક્ટરી કમિટિના ચેરમેન સંજયભાઈ શાહને ક્વાર્ટર નંબર-૧, ફાર્મસી કોલેજ, કડી સર્વ વિદ્યાલય, સેક્ટર-૨૩ને પહોંચતી કરવા અનુરોધ કર્યો છે. આ અંગેના જરૂરી ફોર્મ મંત્રી બી.ડી. શાહ, ૧૩૫૪/૨, સેક્ટર-૫-એ અથવા હવેલી મંદિર, સેક્ટર-૨૧, રસીકભાઈ ગાંધી પાસેથી મેળવી લેવા.

## ખાતમુહૂર્ત વિધિ યોજાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવવાનો નિર્ણય રાજ્યસરકારે કર્યો છે.

આજે યોજાનાર આ ખાતમુહૂર્ત પ્રસંગે રાજ્યમંત્રી શ્રીજયસિંહ ચૌહાણ, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર તથા ગુડાના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર શહેરમાં આ નાણાંકીય વર્ષ દરમ્યાન રૂ. ૨૦૦ કરોડથી પણ વધુના વિકાસ કામો હાથ ધરવામાં આવનાર છે. ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની કચેરીઓ માટે બનનાર આ બહુમાળીય મકાનથી જગ્યાની માંગણી લગભગ સંતોષાઈ જશે.

## ઓડ-કોમી હત્યાનો ન્યાયિક ચૂકાદો ગુજરાત વિરોધી એન.જી.ઓ.ના મોઢા ઉપર લપડાક છે

અમદાવાદ, તા. ૯

ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ ઓડ-ખંભોળજના કોમી રમખાણના કમનસીબ બનાવ અંગે આજે આવેલા ન્યાયિક ચૂકાદા અંગે જણાવ્યું હતું કે ગુજરાતની સરકાર અને પોલીસ તથા સીટને બદનામ કરી રહેલા તત્વોના મોઢા ઉપર આ એક એવો તમાચો છે જે પીડિતોને ન્યાય અપાવવાના બહાને પોતાના સ્વાર્થી હિતો સાધવા મથી રહ્યા છે.

ભાજપ પ્રવક્તાએ જણાવ્યું કે ઓડ-ખંભોળજ બનાવની તપાસ કરવામાં ગુજરાત સરકાર અને રાજ્યની પોલીસે કોઈ કચાશ છોડી નહોતી તેમ છતાં પીડિતોને ન્યાય મળે તે માટે નહીં પણ પીડિતોના ભોગે પોતાના હિતો જાળવવા કેટલાક એન.જી.ઓ. વર્ષો સુધી આ બનાવની ન્યાયિક પ્રક્રિયામાં વારંવાર સ્ટે (મનાઈ હુકમ) લાવતા રહ્યા અને વિલંબ થતો રહ્યો. પીડિતોને ન્યાય અપાવવા આડે આ સ્વાર્થી એન.જી.ઓ. જ જવાબદાર છે નહીંતો પાંચ વર્ષ પહેલા પીડિતોને ન્યાય મળી ગયો હોત.

ગુજરાત ભાજપા ન્યાયતંત્રના ફેંસલા પ્રત્યે પુરા આદરભાવ સાથે ન્યાય પ્રણાલીમાં શ્રદ્ધા વ્યક્ત કરી છે. એને ગુજરાતે વારંવાર બદનામ કરનારા સ્વાર્થી તત્વોના ગુજરાત વિરોધી કરતૂતોને સમજી લેવા જનતાને અનુરોધ કરે છે.

ગુજરાત શાંતિ, સદ્ભાવ અને વિકાસને વરેલું રાજ્ય છે પરંતુ આ વિકાસને સાંખી નહીં શકતા મુઠ્ઠીભર તત્વો એનકેન પ્રકારે ગુજરાતને બદનામ કરવા સરકાર સામે જુઠાણા ફેલાવવા સતત પ્રયાસો કરી રહ્યા છે એની મેલી મુરાદ ખુલી પડી ગઈ છે એમ તેમણે જમાવ્યું હતું.

## પ્રદર્શન કરાવશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવરી લેશે. જ્યારે ૧૮મી એપ્રિલે તે માણસા જઈ અને પછી મહેસાણા જિલ્લામાં જશે.

જિલ્લામાં આ પરિવર્તનયાત્રા દરમ્યાન કેમ્પેઈન કમિટીના ચેરમેન શ્રી શંકરસિંહ વાઘેલા, વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ,સાંસદ જગદીશભાઈ ઠાકોર તથા કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો જોડાવાના છે. આ માટે જિલ્લા કોંગ્રેસ કોર કમિટીની એક બેઠક પણ થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે.

આ યાત્રા દરમ્યાન ભાજપની સરકારના ભ્રષ્ટાચારો, કાયદો અને વ્યવસ્થાનું તંત્ર ખાડે ગયેલ છે. ભર બપોરે બહેનોના અછોડા લૂંટાતા હોય, દશ લાખ કરતાં વધુ યુવાનો બેરોજગાર, શિક્ષણનું વ્યાપારીકરણથી લાખો રૂપિયાના ડોનેશનની ઉઘરાણી કરતી શાળા-કોલેજો, આરોગ્યની સુવિધાઓનો અભાવ, ખેડૂતોને પુરતી વીજળી ન મળતી હોય, અસહ્ય વેટનો વધારો-સમગ્ર દેશમાં પેટ્રોલ-ડીઝલના સૌથી મોંઘુ ગુજરાતમાં, જીવન જરૂરિયાતની રોજબરોજની ચીજવસ્તુ ગુજરાતમાં મોંઘી, ગુજરાતમાં મોંઘવારી જેવા અનેક મુદ્દાઓ લઈને લગભગ ૫ લાખ પત્રિકાઓનું વિતરણ થશે તેમજ આ યાત્રા દરમ્યાન દરેક નગરપાલિકાઓ અને જિલ્લાના પ્રશ્નો ઉજાગર કરતી પત્રિકાઓ પણ વહેંચવામાં આવશે. સમગ્ર યાત્રા દરમ્યાન ભાજપની સરકારના ભ્રષ્ટાચારોનો પર્દાફાશ કરવામાં આવશે. આ યાત્રામાં ઢોલ, નગારા, છૈયંમ, ડી.જે. સેટ અને કેસેટો મારફતે ભાજપ સરકારની પોલ ખોલવામાં આવશે.

## વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

અને રોજ મોત ક્યારે આવે તેની રાહ જુએ આવી જ પીડા અનુભવનાર દુઃખી આર્તહૃદયની પુકાર સમુ આ કાવ્ય છે.. ધીમે ધીમે ઈન્સ્ટૉલમૅન્ટમાં દુઃખના ઝાટકા આપે રાખીને ઈશ્વરે માઝા મુકી દીધી હોય પછી, માનવી કંટાળીને ઈશ્વર સાથે તકાદો કરે છે કે હવે તો આરપારની લડાઈ લડી લે...

એક સામટી એટલી પીડા અને દુઃખથી ભરી દે કે, ત્યારબાદ મનુષ્યના પાત્રમાં બીજુ દુઃખ સમાવાની જગા જ ન બચે...

જે ઢોંગી, કપટી અને નરાધમો અત્યારે નિશ્ચિંત થઈને ઍશોઆરામની જિંદગી જીવી રહ્યા છે. તેમને માટે એવું અંજીર બતાવીને શાંત કરી દેવામાં આવે છે કે - આ ભવમાં નહીં તો આવતા ભવમાં તેને કર્મનું ફળ જરૂર મળશે.

અને આપણા અત્યારના આ વખતના આટલા બધા સત્કર્મો છતાં પણ ઘાંચીના બળદ જેવી સ્થિતિ છે, તો આપણે પણ ગયા જનમમાં કોઈ કુકર્મોની સજા ભોગવતા હોઈશું...

બકવાસ છે! બધું... મૂર્ખ બનાવવાની વાતો છે. ગયો જનમ અને આવતો જનમ જેવી કોઈ સસ્ટમ હોય તો પણ એ થિયરી જ બોગસ છે કે ગયા જન્મનું ફળ, આવતા જન્મે ભોગવવાનું...It's Rubbish...

આ ભવનું શું? સામ-સામે આવીને ઈશ્વરને એટલું જ પૂછવું છે કે, જે છદ્મ જાળ ઊભી કરીને અમને કટકે કટકે પીડા આપીને અમારા હાટકારાની મજા લેવાનું બંધ કરીને એકસાથે જ દુઃખ- પીડા આપી દઈને કેસ ફાઈલ કરી નાખે.

- jayuoza@gmail.com